



## ॥ ધન્યો ગૃહસ્થાશ્રમ ॥

# ‘રૂડી રાંધી મેં, રસિયાજી ખાતે ખીચડી રે...’

~ સદ્‌ગુરુ સાધુ પૂજ્ય મનોજદાસજી

(ભાઈબીજ, સંવાદિતા પર્વ, પારમિતા મંદિર, ૧ નવેમ્બર ૨૦૧૬)

**‘રૂડી રાંધી મેં, રસિયાજી ખાતે ખીચડી રે... રૂડી રાંધી મેં.’** જેમણે પણ આ રચના કરી હશે એણે આમાં મજાનો એક શબ્દ મૂક્યો છે : ‘ખાતે’. હવે જમવાની વાતમાં ‘ખાતે’ શબ્દ તો પહેલીવાર સાંભળ્યો. ખીચડી તમારે–ભગવાનને ‘માટે’ રાંધી છે એમ સાંભળ્યું છે. પણ આ ‘ખાતે’ શબ્દ ત્યારે વપરાય છે કે જ્યારે આપણે કશુંક કોઈના માટે ચોપડામાં જમા–ઉધાર ખાતે કર્યું હોય. અને જ્યારે આપણે આપણા આખા જીવનની વાત કરવાની હોય, તો આ જીવન તારે ખાતે, એટલે કે તમારા ખાતે આ આખું જીવન ! આ ખીચડી એ જીવન ભગવાનને ખાતે કરવાની વાત છે. અને કેવી ખીચડી ? કેવું જીવન ? રૂડું મજાનું જીવન !

હવે જો આ ખીચડીરૂપી જીવનને રૂડી રીતે રાંધવું હોય તો એમાં આગળ કહે છે : **‘ચોખા–દાળ જતનથી જોયાં.’** દાળ–ચોખાની ખીચડી બને. મગની કે તુવેરની દાળ લો અને સાથે ચોખા લો. ઘરમાં ખીચડી રાંધવાની હોય તો રાંધતાં પહેલાં ચોખા અને દાળમાંથી કાંકરા જુદા પાડી દઈએ છીએ. તો જીવનની એક–એક ક્ષણ જે ચોખા અને દાળરૂપી છે, એ જીવનમાં જે કંઈ પણ નૅગેટિવિટી છે–એ નકારાત્મકતારૂપી જે કાંકરાઓ છે એ ચોખા અને દાળમાંથી જતન કરીને દૂર કર્યા.

એનો અર્થ એમ થયો કે, જીવનની એક એક ક્ષણ એટલે કે એક ચોખો–જીવનની એક ક્ષણ, એક દાળ–જીવનની એક ક્ષણ. રંગ બેઉનાં અલગ–અલગ છે. એ અર્થમાં જીવનના રંગ પણ ચોખા અને દાળ સાથે જોડી શકાય એમ છે. પણ જે નકારાત્મક બાબતો છે તે કાંકરાના સ્વરૂપમાં હોય અથવા તો ચોખા અને દાળમાં જે અખાદ્ય સ્વરૂપે માટી કે એવું કશુંક એમાં આવી ગયું હોય; જે ભગવાન રાજી નહીં થાય એવું મારા જીવનમાં છે એમાંથી મેં જતન કરીને કહેતાં જીવનની એક એક પળ એ નકારાત્મકતાથી જુદી કરી લીધી.

**‘નિર્મળ નીરે ધીરે ધોયાં’** ચોખા અને દાળ રૂપી એક–એક ક્ષણ જુદાં પાડી લીધાં. હવે આપણે તો દાળને તેલ આપી દીધું છે–તેલ ચડાવી દીધું છે અને ચોખામાં પણ એવો પાવડર નાખી રાખ્યો છે કે જેનાથી જીવાત ના પડે. અને હવે જુદાં તો પડી ગયાં, પણ દાળ પર હજુ તેલ ચડેલું છે અને ચોખા ઉપર જીવાત ના આવે તે માટે રાખ્યો હતો તે પાવડર પણ છે. એટલે હવે આપણે દાળ ને ચોખા ધોવાં પડે છે. એટલે જેવા આપણે સત્સંગના સંબંધમાં આવ્યા. તે સત્સંગરૂપી જે નિર્મળ ધાર છે, એનાથી ધીરે ધીરે ધીરે ધોઈએ. જો જળનો ફૉર્સ બહુ વધારે રાખશો તો ચોખા અને દાળ પાત્રમાંથી ધોવાઈ જશે. તેથી એક એક ચોખાને, દાળને પ્રેમથી એમાં ધોતા જઈએ છીએ. એમ, સરસ મજાના સત્સંગની શરૂઆતમાં પહેલાં એક વખત આપ આવો અને એ આવ્યા પછી સત્સંગરૂપી નિર્મળ જળની જે ધીમી ધાર છે એનાથી આ જીવનની એક એક ક્ષણ ચોખા અને દાળરૂપી છૂટી પાડી, એ ધોઈ રહ્યાં છીએ. આપણે અત્યારે માનસીમાં પણ તે કરી શકીએ જાણે કે, અત્યારે તેવું થઈ રહ્યું છે. આપણે આપણા જીવનની એક એક ક્ષણ અત્યારે જુઓ, નૅગેટિવભાવ લગભગ બહાર નીકળી ગયો છે. મંદિરોની આ જ મહત્તા છે !

**‘સબરસ–ચપટી હળદરને હેતે ભભરાવિયાં રે...’** સત્સંગમાં આવ્યા, ચોખા–દાળરૂપી જીવનની એક એક ક્ષણ પસંદ કરી લીધી. નકારાત્મકભાવ કાઢી નાખ્યા. સત્સંગની નિર્મળધારથી ધીરે–ધીરે ધોયાં એટલે તેલ નીકળી ગયું, પાવડર જતો રહ્યો. હવે આપણા જીવનની દરેક ક્ષણ સ્વચ્છ થઈ ગઈ છે. એમાં હવે સત્સંગની ધારવાળું પાણી નાખ્યું. પછી ઉપરથી સબરસ કહેતાં મીઠું નાખ્યું. એક મીઠું નાખો તો બધા જ–છએ છ રસ આવી જાય, એટલે જ એને સબરસ કહ્યું છે, લવણ કહ્યું છે. અને લવણ પરથી લાવણ્ય શબ્દ આવ્યો છે. લવણ એટલે મીઠું – સબરસ.

સબરસ એટલે ? ગુરુવચન, ગુરુની આજ્ઞા ! હવે જો તમે ચપટી મીઠું નાખો પછી કંઈ એ ચપટી મીઠાને હજારો દાણા ચોખાના અને દાળના હોય તેને એક એક કરીને મીઠું અડાડવાની જરૂર નથી પડતી. આમ, ગુરુની આજ્ઞાની જે ચપટી છે – ગુરુવચન એકાદ–બે જ હોય છે જીવનમાં, એ સબરસ બની જાય છે. એ તમે નાખો એટલે બધી જ પ્રકારના રસ એમાં આવે છે. અને ચપટી હળદર. હળદરનો ગુણ છે ઍન્ટિસૅપ્ટિક; એટલે જે ગુરુવચન છે, ગુરુઆજ્ઞા છે એની સાથે ગુરુની પ્રીતિ ! પ્રીતિનો રંગ ચડી જાય. એ હળદરનો પોતાનો એક રંગ છે. રંગ તરીકે ભક્તિની સાથે પણ જોડાયેલો એ રંગ છે અને એના ગુણ ઍન્ટિસૅપ્ટિક છે. એટલે સત્પુરુષની સાથે–એવા ભગવાનધારક સંતની સાથે જે પ્રીતિ બંધાય એની ચપટી જ ! આ પ્રીતિની કંઈ એકાદ–બે બાઉલ ભરીને આવશ્યકતા નથી, ચપટી જ હોય છે અને ઘણીવાર જણાતી પણ નથી હોતી, એ તો અંદર મહેસૂસ થતી હોય છે. બસ આ ચપટી હળદર. તો સબરસ અને ચપટી હળદર હેતે ભભરાવ્યાં એની ઉપર. એટલે ગુરુઆજ્ઞા અને ગુરુપ્રીતિ જો

ભભરાવી તો આ દાળ અને ચોખામાં બધા જ રસ ભળી ગયા. અને એ હળદરે પણ દાળ અને ચોખાને એક આવરણ આપી દીધું એટલે હવે ઍન્ટિસૅપ્ટિક થઈ ગયું, એને બીજો કોઈ પણ પ્રકારનો બૅક્ટૅરિયા અડી નહિ શકે. અને પ્રીતિનો રંગ ચડી ગયો પછી બીજો કોઈ રંગ પણ નહીં ચડે. હળદરની આ તાકાત છે.

પાત્ર તૈયાર થઈ ગયું છે. જીવનની એક એક ક્ષણ ચૂંટીને પસંદ કરી લીધી છે. નકારાત્મક ભાવ એમાં નથી. ચપટી હળદર નાખી છે. ગુરુ સાથેની પ્રીત બંધાઈ ગઈ છે. ચપટી મીઠું નાખ્યું છે. એમના વચનરૂપી જીવનના બધા જ રસ આવી ગયા છે.

હવે '**ધીમે તાપે અચળ ચઢાવી...**' હવે એને ચઢવા દેવી પડશે. હમણાં પ્રીતિ કરી અને હમણાં ગુરુનું વચન પાળ્યું તો થતું કેમ નથી આ કંઈ ? પણ એને ધીમે તાપે ચઢાવવી પડે. જેમણે ગામડામાં સગડી ઉપર બનતી ખીચડી ખાધી હોય તેને ખબર હશે. એ સરસ મજાની ધીમે તાપે ચડતી જાય. તો આ સત્સંગમાં આવ્યા. ક્ષણ-પ્રતિક્ષણ પસંદ કરી લીધી. નકારાત્મક ભાવ કાઢી નાખ્યા. સત્સંગનાં નિર્મળ નીરથી એને ધોઈ નાખ્યા, સ્વચ્છ થઈ ગયા. અને હવે એમાં ગુરુઆજ્ઞારૂપી સબરસ-મીઠું ભળ્યું છે. હળદરરૂપી ગુરુપ્રીત-સંતપ્રીતનો રંગ એને ચડ્યો છે-ઍન્ટિસૅપ્ટિક આવ્યું છે. એટલે સતત પણ ધીમે તાપે સંત સમાગમ. સતત સેવાનો તાપ. સેવા કરીશું એટલે ઘર્ષણ પણ ઊભું થશે, તાપ લાગશે. ક્યાંક મારું ગમતું નહિ થાય, મારી સમજણ પ્રમાણે નહીં થાય, પણ એ ધીમે તાપે એ સેવા અને સમાગમ. સેવા અને સમાગમરૂપી તાપ છે.

એ '**ધીમે તાપે અચળ ચઢાવી...**' સગડી પર પાત્ર મૂક્યું ખીચડીનું, થોડીવાર મૂક્યું અને પછી પાછું નીચે લઈ લીધું. થોડીવાર મૂક્યું અને પાછું નીચે લઈ લીધું. તો ચડશે ખીચડી ? નહિ ચડે. એને સગડી પર રાખવી પડશે ને ? અચળ રાખવી પડશે. સતત સેવા, સતત સમાગમ પણ ધીમે તાપે, વેગમાં નહિ. હમણાં ખૂબ કરી લીધું અને પછી અચાનક એકદમ બ્રૅક વાગી તો રિવર્સમાં ગાડી. એટલે ધીમે તાપે. આપણી જેવી અનુકૂળતા, જેવું આપણું પાત્ર, જેવી ગુરુની આજ્ઞા. સતત સેવા પણ ધીમે તાપે - એક સરખી રીતે.

'**...સુખપાવની મેં તો ધીરજથી રાંધી...**' નાગર જ્ઞાતિમાં ખીચડીને 'સુખપાવની' કહે છે. સામાન્ય રીતે ઉત્સવના દિવસોમાં ઘરમાં ખીચડી ઓછી બનતી હોય. પણ નાગર જ્ઞાતિમાં આ દિવસોમાં સુખપાવની બનાવતા હોય છે. તો ખીચડીનો બીજો શબ્દ છે સુખપાવની - જે મેં ધીરજથી રાંધી.

ધીરજ રાખવી પડે. ખીચડી ચઢાવીએ છીએ - ધીમે તાપે અચળ ચઢાવીએ છીએ. ધીરજ રાખવી પડે - વારંવાર ખોલીને થઈ કે નહીં ? એમ નથી જોતા. એમ, આ જીવનની ક્ષણ-પ્રતિક્ષણને ચૂંટીને, સબરસરૂપી ગુરુઆજ્ઞા, ગુરુપ્રીતરૂપી હળદર સાથે, સત્સંગનાં નીર સાથે, સેવા અને સમાગમરૂપી તાપ પર અચળ મૂકી છે તો હવે એ સુખપાવનીને ધીરજથી રંધાવા દેવી જોઈએ એને ચડવા દેવી જોઈએ.

'**રૂડી પેઠે ઘી લઈ હરિને જમાડવા રે...**' ઘી વિષે આપણા ઋષિઓએ એમ કહ્યું છે કે, દેવું કરીને પણ ઘી પીવું. એટલો બધો દેશી ગાયના ઘીનો મહિમા કહ્યો છે. આ ઘી જે છે એ 'ભક્તિ' છે. સ્નિગ્ધતા જે આવે છે ભક્તિમાં ! કોરી ખીચડી જમાડો કે જમો, એના કરતાં રૂડી પેઠે એમાં ઘી ચોળીને જમાડો. તો એ હેતે ભગવાનને જમાડવા. એટલે આગળ જે કંઈ પણ તાપ હતો-ખાસ તો સેવા અને સમાગમનો, એમાં હવે જે ખીચડી તૈયાર થાય અને એમાં જો રૂડી પેઠે ઘી - સરસ મજાની ભક્તિથી કીર્તન ગાવું એ ઘીનું સ્વરૂપ છે. સરસ મજાનાં સુશોભન કરવાં, વાઘા પહેરાવવા, શણગાર કરવા, પુષ્પો લાવવાં, કીર્તન રચવાં, પગચંપી કરવી; જે કંઈ પણ પ્રેમભાવથી અર્પણ કરીએ એ બધું જ ભક્તિરૂપ થયું. એ ઘી એમાં નખાયું, પણ શુદ્ધ દેશી - ગાયનું ઘી.

હવે આમાંથી શું પ્રાપ્ત થાય ? આ જીવનરૂપી ખીચડી ! આવી રીતે જમાડીએ તો શું પ્રાપ્ત થાય ? એનો હેતુ શું ? 'હરિવર જમીને થાય રાજી...' હરિવર જમીને થાય રાજી. જેમને ખાતે આ જે જીવનરૂપી ખીચડી કરી છે, બસ આ ખીચડી જો ભાવે અને જમે. કઈ ખીચડી છે ? તો ચોખા-દાળ જતન કરી ધોયાં, નિર્મળ નીરે ધીરે ધોયાં, સબરસ ચપટી હળદર ભભરાવિયાં રે. પૉઝિટિવિટી સાથે જીવનની ક્ષણ-પ્રતિક્ષણને ગુરુવચન અને ગુરુપ્રીતનો રસ અને રંગ ચઢાવી, ધીમે તાપે - સતત સેવા, સતત સમાગમથી એને વચ્ચે લઈ લીધી-મૂકી, લઈ લીધી-મૂકી એવું કર્યું નથી-અચળ ચઢાવી છે. અને ધીરજથી એને રાંધી છે. તૈયાર થઈ ગઈ એટલે ભક્તિભરપૂર ઘી નાખીને ધરી છે. એ જો આવું ખીચડીરૂપી જીવન સ્વીકારે ને જમે તો 'હરિવર જમીને થાય રાજી' એના ફળ સ્વરૂપે હરિજનને થાય શાતા ભારી.

'**હરિજનને વળે શાતા ભારી... સુખસિંધુને સુખપાવની જમાડતા રે..**' પરિવારમાં પત્ની પોતાના પતિને પણ રસિયાજી સ્વરૂપે સ્વીકારે, તો જ્યારે પત્ની ઘરમાં ખીચડી રાંધે અને આવો ભાવ ધારે કે આ તો મેં મારા રસિયાજી માટે ખીચડી બનાવી છે. તો શું માત્ર રસિયાજી જમે એટલી જ ખીચડી બનાવો છો ? પરિવારમાં બીજા પંદર સભ્યો હોય તો જે ખીચડી રસિયાજી જમવાના છે, તો બાકીના ચૌદ જણ પણ એ જ ખીચડી જમવાના છે. કહેતાં-એનો જો હજી વિસ્તાર કરીએ તો આ જીવન કેવું થઈ જાય ? આ જીવન એવું થઈ જાય કે આ જીવનરૂપી ખીચડી હરિવર જમે તો એ તો રાજી થાય, પણ આપણા જીવનરૂપી ખીચડીનો પ્રસાદ કોઈ પણ જમે એને શાંતિ થઈ જાય. એને શાતા વળી જાય. એ ભગવાનધારક સાધુરૂપ જીવન આપણું થઈ જાય જે ખીચડીરૂપ છે.

**રૂડી રાંધી મેં રસિયાજી ખાતે ખીચડી રે...**

તો પધારો પ્રભુ ! ધન્ય અમારા ગૃહસ્થાશ્રમમાં રૂડી ખીચડી જમવા પધારો.

જય શ્રી સ્વામિનારાયણ !

◆